## <u>ગુજરાત રાજયના જેલ ખાતામાં ”સિપાઈ (મહિલા)” માં સીધી ભરતી અંગેની માહિતી અને સૂચનાઓ.</u>

૧. નીચે દર્શાવેલ વર્ગ -૩ ની જગ્યાઓમાં સીધી ભરતી માટે જેલ ભરતી બોર્ડ દ્વારા ફક્ત ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. જેલ સિપાઈ (મહિલા) કક્ષાની સંબંધિત જગ્યાના ભરતી નિયમોની પ્રવર્તમાન જોગવાઈઓને સંતોષતા લાયક અને ઈચ્છુક મહિલા ઉમેદવારોએ **તા. ૦૧/૧૦/૨૦૧૨ થી તા. ૨૦/૧૦/૨૦૧૨ (સાંજના ૦૬.૦૦ કલાક સુધી)** દરમ્યાન ઈન્ટરનેટ પર **http://ojas.guj.nic.in** અથવા **http://ojas1.guj.nic.in** વેબ સાઈટ પર જઈ તાજેતરની **”સિપાઈ (મહિલા) ભરતીની જાહેરાત”** ના પેઈજ પર જઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે. મહિલા ઉમેદવારે ઓનલાઈન અરજી કરતા પહેલાં ભરતીને લગતી માહિતી અને સૂચનાઓ ઉકત વેબ સાઈટ પરથી પુરી કાળજીપૂર્વક વાંચી લેવી જોઈશે. કોઈપણ સંજોગોમાં કોઈપણ કચેરી ખાતે ટપાલથી કે રૂબરૂમાં અરજીપત્રકો સ્વીકારવામાં આવશે નહીં તેની મહિલા ઉમેદવારોએ નોંધ લેવી.

૨. મહિલા ઉમેદવારે સ્વયં અથવા ઈન્ટરનેટ જાણકારની મદદથી પોતાનો **પાસપોર્ટ સાઈઝનો ફોટો ૧૦ કે. બી. અને સીગ્નેચર ૧૦ કે. બી. સાઈઝથી વધે નહીં તે રીતે જેપીજી ફોર્મેટમાં સ્કેન કરી અરજીપત્રકમાં અપલોડ** કરવાના રહેશે.

૩. આ ભરતી માટે ખાલી જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| જગ્યાનું નામ | કુલ ખાલી જગ્યા | સામાન્ય કેટેગરી | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા. અને શૈ. પ. વર્ગ |
|---|---|---|---|---|---|
| સિપાઈ (મહિલા) | ૬૩ | ૩૮ | ૦૫ | ૦૬ | ૧૪ |

**ખાસ નોંધઃ**

(૧) ઉપર દર્શાવેલ સંવર્ગની ખાલી જગ્યાઓની સંખ્યામાં ફેરફાર જરૂરી બનશે તો તે હક્ક સરકારનો રહેશે અને તે ઉમેદવારોને સ્વીકાર્ય રહેશે.

(૨) ભરતીથી પસંદ થનાર તમામ મહિલા ઉમેદવારોની નિમણૂંક, ભરતી નિયમો/ ભરતી પરીક્ષા નિયમો/ પ્રવર્તમાન નીતિ વિષયક હુકમો/ નિયમોને અનુલક્ષીને કરવામાં આવશે અને તે તમામ જોગવાઈઓ મહિલા ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૩) વય-મર્યાદા અને શૈક્ષણિક લાયકાત નીચે મુજબ રહેશે.

**(વય-મર્યાદા અને શૈક્ષણિક લાયકાત, અન્ય વધારાની લાયકાત તા. ૨૦/૧૦/૨૦૧૨ના રોજની ગણવાની રહેશે.)**

| જગ્યાનું નામ | વય-મર્યાદા | શૈક્ષણિક લાયકાત | |
|---|---|---|---|
| સિપાઈ (મહિલા) | લઘુત્તમ – ૧૮ વર્ષ<br>મહત્તમ – ૩૦ વર્ષ | ધો. ૧૨ પાસ હાયર સેકન્ડરી પરીક્ષા અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ હોવો જોઈએ. | આ જગ્યા માટે ફકત મહિલા ઉમેદવારો અરજી કરી શકશે. |

**નોંધઃ** ઉપલી વય-મર્યાદામાં ઉપર દર્શાવેલ વયમાં નીચે મુજબની નિયમોનુસાર વધુ છુટછાટ મળશે.

(૧) અનુ. જાતિ, અનુ. જનજાતિ અને સા.શૈ. પ. વર્ગના મહિલા ઉમેદવારોને પાંચ વર્ષની છુટછાટ.

(૨) **કોમ્પ્યુટર જ્ઞાનઃ** તમામ મહિલા ઉમેદવારોએ ગુજરાત સીવીલ સર્વિસીસ (કમ્પ્યુટર કમ્પીટન્સી) રૂલ્સ ૨૦૦૬ની જોગવાઈઓ અને સુચનાઓ મુજબ સી.સી.સી. (સર્ટીફીકેટ ઓન કોમ્પ્યુટર કન્સેપ્ટ) નું માન્ય પ્રમાણપત્ર અરજી સમયે અથવા કરાર આધારિત સમયગાળા દરમિયાનમાં ધરાવતા હોવું જોઈએ.

(૩) તમામ મહિલા ઉમેદવારો ભરતી નિયમો મુજબ ગુજરાતી અને હિન્દી ભાષાનું જરૂરી જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. તેમજ ભારતનું નાગરિકત્વ, શારીરિક યોગ્યતા અને સારા ચારિત્ર્ય અંગેની ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૬૭ ની જોગવાઈઓ મહિલા ઉમેદવારોએ પરિપૂર્ણ કરવાની રહેશે.

(૪) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના મહિલા ઉમેદવારે તે જ્ઞાતિના મળવાપાત્ર લાભ લેવા માટે વર્ષ ૨૦૧૧-૨૦૧૨નું નોન-ક્રિમિલેયરનું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવી માગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે.

**૪. શારીરિક ધોરણોઃ-**

| | | | |
|---|---|---|---|
| | આ તમામ જગ્યાઓ માટે નીચેના શારીરિક ધોરણો મહિલા ઉમેદવારો સંતોષતા હોવા જોઈએ. | | |
| ઊંચાઈ | (ક) મહિલા ઉમેદવારો | લઘુત્તમ – ૧૫૦ સે.મી. | મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે |
| | (ખ) મહિલા ઉમેદવારો | લઘુત્તમ – ૧૪૫ સે.મી. | મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો માટે |
| વજન | તમામ મહિલા ઉમેદવારો માટે જરૂરી ૪૫ કિ.ગ્રા. લઘુત્તમ હોવું જોઈએ. | | |

**શારીરિક કસોટીઃ-** આ કસોટીના ગુણ અપાશે નહીં તે ક્વોલીફાઈંગ ટેસ્ટ હોઈ, આ ટેસ્ટ પાસ કરનારને જ લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| તમામ જગ્યાઓ માટે નીચે પ્રમાણે એક જ સંયુક્ત શારીરિક કસોટી યોજાશે. | | | |
| દોડ | મહિલા ઉમેદવાર | (૨) ૧૬૦૦ મીટર દોડ | વધુમાં વધુ ૦૯ મિનિટમાં તમામ મહિલા ઉમેદવારોએ પુરી કરવાની રહેશે. |

**૫. લેખિત પરીક્ષાઃ-**

આ લેખિત પરીક્ષા ૧૦૦ માર્કસ ના એક હેતુલક્ષી (ઓબ્જેકટીવ) પ્રશ્નપત્રમાં લેવાશે. સમય એક કલાકનો રહેશે. સામાન્ય જ્ઞાનને લગતા આ પ્રશ્નપત્રમાં સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહો, મનોવિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ, સમાજશાસ્ર, વિજ્ઞાન તેમજ ભારતનું બંધારણ, ઈન્ડિયન પીનલ કોડ, સી.આર.પી.સી. અને ભારતીય પુરાવા કાયદાને લગતા પ્રાથમિક પ્રકારના પ્રશ્નો આવરી લેવાશે.

**નોંધઃ-**

(૧) પ્રશ્નપત્ર હેતુલક્ષી (ઓબજેકટીવ) પ્રકારનું રહેશે. દરેક પ્રશ્નના ચાર વિકલ્પમાંથી એક સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. ઓ. એમ. આર. શીટથી જવાબો ચકાસવામાં આવશે.

(૨) સિપાઈ (મહિલા)ની જગ્યાઓ માટે મૌખિક ઈન્ટરવ્યુ રહેશે નહીં.

(અ) એન. સી. સી. નું 'સી' સર્ટીફીકેટ ધરાવનાર મહિલા ઉમેદવારોને વધારાના બે ગુણ આપવામાં આવશે.

(બ) રક્ષા શક્તિ યુનિવર્સીટી દ્વારા અપાતા ડીગ્રી/ ડીપ્લોમા જે મહિલા ઉમેદવારોએ મેળવેલ હશે તેમને નીચે મુજબના વધુ ગુણ અપાશે.

| રક્ષા શક્તિ યુનિવર્સીટીની ડીગ્રી/ ડીપ્લોમામાં મેળવેલ વર્ગ | મળવાપાત્ર વધારાના ગુણ |
|---|---|
| ડીસ્ટીંક્શન | ૦૫ |
| પ્રથમ વર્ગ | ૦૪ |
| બીજો વર્ગ | ૦૩ |
| પાસ વર્ગ | ૦૨ |

(૩) લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ, એન.સી.સી.ના મળવાપાત્ર બે ગુણ તથા રક્ષાશક્તિ યુનિવર્સીટીની ડીગ્રી/ ડીપ્લોમાના વધારાના ગુણ લક્ષમાં લઈને સિપાઈ (મહિલા) સંવર્ગની આખરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

૬. (૧) મહિલા ઉમેદવારોના મેરીટ (ગુણાનુક્રમ) લેખિત પરીક્ષાના તેમજ એન.સી.સી.ના મળવાપાત્ર બે ગુણ તથા રક્ષાશક્તિ યુનિવર્સીટીની ડીગ્રી/ ડીપ્લોમાના વધારાના ગુણ સહિત કુલ ગુણને લક્ષમાં લઈ નક્કી કરવામાં આવશે.

(૨) અનુ. જાતિ / અનુ. જનજાતિ / સા. શૈ. પ. વર્ગની અનામત જેટલા પુરતા મહિલા ઉમેદવારો ઉપલબ્ધ નહીં થતા હોય તો તેવી અનામત કેટેગરીના મહિલા ઉમેદવારો માટે ગુણાનુક્રમનું ધોરણ ભરતી બોર્ડ સ્વ-વિવેકાનુસાર, પ્રવર્તમાન નિયમો મુજબ વાજબી રીતે ઘટાડી શકશે.

(૩) મહિલા ઉમેદવારોએ અમલમાં હોય તેવા સરકારના નિયમો / હુકમો મુજબ ગુજરાતી / હિન્દી / અંગ્રેજી ભાષાની તાલીમ/ અન્ય ખાતાકીય તાલીમ / પૂર્વસેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા આપવાની રહેશે.

(૪) પસંદગી પામેલા મહિલા ઉમેદવારો પ્રવર્તમાન હુકમો મુજબ પ્રથમ પાંચ વર્ષની કરાર આધારિત અવધિ માટે ફિક્સ્ડ માસિક વેતનથી કરારની શરતો મુજબ નિમણૂંક મેળવશે. કરારને અંતે સંતોષકારક સેવા પૂર્ણ કરનારને નિયમિત રીતે મળવાપાત્ર પગાર સિપાઈ (મહિલા) સંવર્ગ પગાર ધોરણ ૪૪૪૦-૭૪૪૦ + ગ્રેડ પે ૧૬૫૦ માં નિયમિત નિમણૂંક મળવાપાત્ર થશે.

(૫) સિપાઈ (મહિલા) સંવર્ગના કરારના સમયગાળા દરમ્યાન માસિક રૂ. ૪,૫૦૦/- ના એકત્રિત વેતનથી " સિપાઈ (મહિલા) સહાયક" તરીકેનો ફિક્સ્ડ પગાર જ મળવાપાત્ર થશે.

(૬) નિમણૂંક પામનાર તમામ ઉમેદવારોને પ્રવર્તમાન નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પડશે.

(૭) મહિલા ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો કોઈપણ તબક્કે ખોટી માલુમ પડશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

(૮) મહિલા ઉમેદવારે એક જ વખત ઓન લાઈન અરજી કરવાની રહેશે. એક કરતા વધારે વખત અરજી કરેલ હશે તો આવા મહિલા ઉમેદવારની તમામ અરજી રદ પાત્ર થઈ શકશે.

(૯) જાહેરાત કોઈ પણ કારણોસર રદ/ ફેરફાર કરવાની આવશ્યકતા ઊભી થશે તો તેમ કરવાના બોર્ડનો સંપૂર્ણ હક્ક અને અધિકાર રહેશે. બોર્ડ આ માટે કારણો આપવા બંધાયેલ નથી.

**૭. અરજી પત્રક ભરવા સૂચનાઃ-**

(૧) જણાવેલ જગ્યા માટે ફકત ઓનલાઈન અરજી કરવાની રહેશે. http://ojas.guj.nic.in અથવા http://ojas1.guj.nic.in વેબ સાઈટનો ઉપયોગ કરવો. રાજયના કોઈ પણ સ્થળે સાઈબર કાફે/ ઈન્ટરનેટ સુવિધા (સ્કેનર અને પ્રિન્ટર સાથે) ની હોય ત્યાં અથવા કોઈપણ સરકારી પોસ્ટ ઓફિસ જ્યાં આ સગવડ હોય ત્યાં જઈને મહિલા ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

(૨) લાયકાત ધરાવતા મહિલા ઉમેદવારોએ સિપાઈ (મહિલા) સંવર્ગની જગ્યાઓ માટે એક જ અરજી પત્ર ભરવાનું રહેશે.

(૩) મહિલા અરજદારે અરજી કરતી વખતે પોતાની સાથે રંગીન પાસપોર્ટ સાઈઝનો ફોટો, સ્કેન કરવા માટે પોતાની સહી, જરૂરી પ્રમાણપત્રો અને પુરાવા રાખવા જેથી તેના આધારે જ સાચી માહીતી અરજીમાં ભરી શકાય.

(૪) ઓન લાઈન અરજી કરીને અરજીની પ્રિન્ટ તથા ફી ભરવાની હોય તો ચલણની નકલ કાઢી લેવાની ખાસ કાળજી લેવાની રહેશે. **અરજી નંબર, પાસવર્ડ / જન્મ તારીખ વગેરે વેબસાઈટ પર સુચના હોય તે મહિલા ઉમેદવારે યાદ રાખવાના રહેશે.** તેમાં ચૂક થશે તો જવાબદાર અરજદાર પોતે રહેશે.

**૮. પરીક્ષા ફીઃ-**

અનુ. જાતિ./ અનુ. જનજાતિ/ સા. શૈ. પછાત વર્ગના મહિલા ઉમેદવારોએ કોઈ ફી ભરવાની રહેશે નહીં. બાકીના મહિલા ઉમેદવારો જ્યારે વેબ સાઈટ ઉપર પોતાની અરજી સબમીટ કરે ત્યારે અરજી ફી ભરવા માટે ઓન લાઈન ઉપલબ્ધ **ચલનની ૩ નકલો** એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. મહિલા ઉમેદવારોએ આ પાનાની પણ પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. અરજી કરનાર મહિલા ઉમેદવારોએ ચલનની પૂરી વિગતો ભરીને રાજયની કોઈ પણ પોસ્ટ ઓફીસમાં જઈને ફી ના **રૂ. ૧૦૦/- + ૧૦ પોસ્ટ ચાર્જીસ + ૨ રૂ. સર્વિસ ટેક્સ** ભરી દેવાના રહેશે. **ચલનની એક નકલ પોસ્ટ ઓફિસ રાખી લેશે અને બે નકલ મહિલા ઉમેદવારને સિક્કા સાથે પરત આપશે જે પૈકી એક નકલ મહિલા ઉમેદવારે શારીરિક ટેસ્ટ વખતે કોલ લેટર સાથે અચૂક લાવવાની જવાબદારી મહિલા ઉમેદવારની પોતાની રહેશે. આ સિવાય મહિલા ઉમેદવારને પ્રવેશ આપવામાં આવશે નહીં અને અન્ય કોઈ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં. પોસ્ટ ઓફિસમાં ફી ભરવાની છેલ્લી તા.૨૨/૧૦/૨૦૧૨ (બપોરના ૩-૦૦ કલાક સુધી) છે.**

ઓન લાઈન અરજી કર્યા બાદ, શારીરિક કસોટી અને લેખિત કસોટી માટેના કોલ લેટર માટે છાપામાં જાહેરાત આપવામાં આવે તે મુજબ ઓન લાઈન વેબ સાઈટ પરથી ડાઉનલોડ કરી પ્રિન્ટ કરી લેવાના રહેશે. આમાં ચૂક થશે તો જવાબદારી મહિલા ઉમેદવારની રહેશે.

વધુ પૃચ્છા માટે ફોન નં. **૦૭૯-૨૭૫૬૦૮૫૨** તથા ટોલ ફ્રી **૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦** ઉપર કચેરી સમય દરમિયાન પૂછપરછ કરી શકાશે.

(પી. સી. ઠાકુર)
અધ્યક્ષ,
જેલ સિપાઈ ભરતી બોર્ડ અને
અધિક પોલીસ મહાનિદેશક અને
જેલોના ઈન્સ્પેક્ટર જનરલ,
ગુજરાત રાજય, અમદાવાદ